# "સલામતી"થી સફળતાનો રાજમાર્ગ કંડારતા

# અનોખા યુવા ઉદ્યોગ સાહસિકની પ્રેરક કથા...



**વર્ષ ૧૯૮૨-** ધોરણ-૩ માં ભણતા ૮ વર્ષના બાળકના પિતા આનંદભાઈનું અચાનક અવસાન થાય છે. IPCL કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા પિતાજીના અચાનક અવસાનથી ત્રણ નાના બાળકોને ઊછેરવાની જવાબદારી મમ્મી પર આવી પડે છે. મમ્મી શિક્ષિત હતાં. ત્રણેય બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાની સાથેસાથે આર્થિક અને સામાજિક જવાબદારી પણ નિભાવવાની કપરી કામગીરી માતા પ્રતિભાબેન સુપેરે સફળતાપૂર્વક બજાવે છે. સાથેસાથે પોતાના વ્હાલસોયા સંતાનોને સંદેશ પણ આપે છે. "ડરવું નહીં ને ક્યારેય પરિસ્થિતિથી ભાગવું નહીં..." આ મંત્રને નાનો વિદ્યાર્થી જીવનમાં ઉતારી લે છે.

**વર્ષ ૧૯૯૪-** ૧૯ વર્ષની ઉંમરે આ યુવાન પોતાના મિત્રો સાથે મહારાષ્ટ્રમાં ભીમાશંકર પાસેની પહાડીઓમાં પર્વતારોહણ કરી રહ્યો છે. અચાનક પથ્થર તૂટી જતાં તે યુવાન ગબડતાં ગબડતાં નીચે આવવા લાગે છે. મહામહેનતે પોતાના અનુભવ અને કૌશલ્યથી એક ખડક પર સંતુલન જાળવીને ટેકો મેળવી લે છે અને પોતાની જાન બચાવી લે છે. નીચે આવીને ભીમાશંકર મંદિરના મહારાજને મળીને પોતાના આ પરાક્રમની ગાથા ગૌરવભેર કહેવા માંડે છે. વિદ્વાન મહારાજ તે યુવાનને પાસે પડેલો પૃથ્વીનો ગોળો બતાવે છે અને કહે છે કે તું આમાં ક્યાં છે તે બતાવ ?

આ વિશાળ દુનિયામાં જ્યારે ભારતદેશ પણ નાનો દેખાતો હોય ત્યારે મહારાષ્ટ્ર અને તેમાંય ભીમાશંકર પાસેની જગ્યાની તો વાત જ ક્યાં કરવી? મહારાજ જે ઉપદેશ આપવા માગતા હતા તે આ સમજુ અને હોંશિયાર યુવાન તરત પામી જાય છે. "આ દુનિયા ખૂબ વિશાળ છે અને આપણે ખૂબ મહાન છીએ એવા ખ્યાલોમાં રાચવાને બદલે ધરતી પર રહેવું." જીવનમાં મેળવે છે એક નવી સમજ... ને નવો સંદેશ.

**વર્ષ ૨૦૧૦-** એ જ યુવાન "પાંચમી દિશા"ની ટીમને પોતાના અતિવ્યસ્ત શિડયુલમાંથી સમય ફાળવી વાંચકો માટે ઈન્ટરવ્યૂ આપી રહ્યા છે . પોતાના જીવનમૂલ્યોને સફળતાના સમીકરણો વિશે અનુભવસિધ્ધ વાતો કરી રહ્યા છે. પોતાનો જીવનમંત્ર સમજાવતાં કહે છે...

-Stay physically fit
-Mentally stable
-Morally straightforward

આ ત્રણ જ શબ્દોને પોતાના ગુરુ બનાવી આજે ઉદ્યોગક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કરી પોતાનું આગવું નામ સ્થાપિત કરનાર આ યુવાન છે શ્રી નિશીથ દંડ. પૂના ખાતે ૧૯૯૪માં પોલીમર ઈજનેરની ડીગ્રી પ્રાપ્ત કરીને ત્યાંની જ "આલ્ફા લેવલ" કંપનીમાં નોકરીમાં જોડાયા. છતાંય નિશીથભાઈ ખંતપૂર્વક મહેનત કરી પ્રગતિ કરવા માંડયા. એકવાર કંપનીની કોન્ફરન્સ હતી ત્યારે બધાંની ચર્ચા-વિચારણા સાંભળીને યુવાન નિશીથભાઈને સમજાયું કે આટલું મોટું કોર્પોરેટ હાઉસ "સેફ્ટી" ક્ષેત્રે ખૂબ જ તકલીફ અનુભવે છે અને સંઘર્ષ કરે છે. બસ, ત્યારે જ તેઓ મનોમન નિર્ણય લઈ લે છે કે ભવિષ્યમાં


એવોર્ડ સ્વીકારતા નિશીથભાઈ


સાંસદ અને ભૂતપૂર્વ મેયર બાલુ શુક્લ સાથે નિશીથભાઈ


સ્ટાફને સાથે રાખીને લગ્નતિથિ મનાવતા નિશીથભાઈ

“સલામતી”ના સાધનો અને જાગૃતિ માટે કાંઈક સ્વતંત્ર રીતે કરવું છે અને વિશ્વકક્ષાએ નામના મેળવવી છે. દૃઢ નિર્ધારથી કરાયેલો આ સંકલ્પ ઈ.સ.૨૦૦૨માં સાકાર થાય છે અને નિશીથભાઈ પોતાનું સ્વતંત્ર સાહસ 'Sure safety' ની મંગળ શરૂઆત કરે છે. ઔદ્યોગિક અને રહેઠાણની બાબતમાં વિશ્વકક્ષાનાં સલામતી (સેફ્ટી)નાં સાધનો પૂરાં પાડતી આ કંપનીમાં આજે ૮૫ થી વધુ કર્મચારીઓ કામ કરે છે અને દુબઈમાં પણ શાખા ખોલી છે. તેઓની ઓફિસો મિડલ ઈસ્ટ અને આફ્રિકામાં પણ ફેલાયેલી છે. તેઓનું સ્વપ્ન છે કે 'Sure safety' માં માત્ર સાધનોનું જ વેચાણ ના કરવુ પરંતુ આ ક્ષેત્રે પુષ્કળ શોધ-સંશોધન કરી વિશ્વને સલામતીનું શ્રેષ્ઠ કવચ પૂરું પાડવું. R&D માટે તેઓએ “સેફ્ટી ઈનોવેશન સેન્ટર”ની પણ સ્થાપના કરી છે.

શું છે આપના જીવનનું ચાલકબળ, ને કોણ છે આપની પ્રેરણામૂર્તિ..? કુતૂહલવશ અમે પ્રશ્ન કર્યો તો ચહેરા પર અનોખી ચમક સાથે નિશીથભાઈએ કહ્યું કે,“મારા મમ્મી મારા માટે પ્રેરણામૂર્તિ અને આદર્શ છે. પિતાની ખોટ મમ્મી એ ક્યારેય સાલવા દીધી ન હતી અને પોતાના મજબૂત મનોબળ વડે આર્થિક, સામાજિક અને કૌટુંબિક રીતે સૌની શ્રેષ્ઠ કાળજી લીધી હતી. મારા જીવનનું ચાલકબળ છે એક સારા માણસ તરીકે ઓળખાવાની તમન્ના અને આપણે કરેલા કાર્યોની સુવાસ સર્વત્ર ફેલાય તેવી અભિલાષા.”

ઉદ્યોગોમાં સલામતી વિષે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં નિશીથભાઈએ જણાવ્યું કે ભારત સરકારની કામદારો અને પ્લાન્ટની સલામતી માટે નીતિ ખૂબ જ ચોક્કસ છે, પરંતુ મુશ્કેલી એ છે કે તેનું યોગ્ય અમલીકરણ થતું નથી. અપૂરતો સ્ટાફ અને ઔદ્યોગિક એકમોના માલિકોની સલામતી માટેની અવગણના ક્યારેક મોટો અકસ્માત સર્જી શકે છે. આપણે ત્યાં હજી માત્ર મલ્ટીનેશનલમાં જ સેફ્ટીની એક અનિવાર્ય અંગ તરીકે તેના તમામ ધારા-ધોરણ પ્રમાણે કાળજી લેવાય છે. જ્યારે ઉદ્યોગગૃહમાં એક અકસ્માત સર્જાતો હોય છે ત્યારે તેમાં સમાજનો બગાડ, પારાવાર આર્થિક નુકશાન, ઉત્પાદનમાં નુકશાન, માનવ સંપદાનું નુકશાન અને સૌથી મોટું કંપનીના કર્મચારીઓમાં એક પ્રકારના ભયનું વાતાવરણ સર્જાય છે.

આપણે ત્યાં રોડ અકસ્માત, બાંધકામમાં દુર્ઘટના વિગેરે બનાવો અસંખ્ય પ્રમાણમાં બનતા હોય છે. હજી પણ આપણા દેશમાં “માનવ જીવન”ની કિંમત બહુ ઓછી છે. જો કાયદાનો કડક અમલ થાય અને દરેક વ્યક્તિ પોતે પણ સલામતીના પગલાં અને તેમાં સાધનોની અનિવાર્યતા સમજે તો અકસ્માતનું પ્રમાણ મહદ્‌અંશે નિવારી શકાય છે.

શું કરવું જોઈએ આ બાબતે જાગૃતિ લાવવા? પ્રશ્નના જવાબમાં નિશિથભાઈ જણાવે છે કે “સ્કૂલ-કોલેજના અભ્યાસક્રમમાં જ સલામતીના વિવિધ પાસાઓનો ઉલ્લેખ થવો જોઈએ. નાગરિકોને સેઈફ બિહેવિયર અને તેને સંલગ્ન એક્શનથી માહિતગાર કરી તેનો અમલ થાય તેવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ.”

વિશેષમાં તેઓએ જણાવ્યું કે વિદેશોમાં જ્યારે કોર્પોરેટ મિટીંગ કે સેમિનાર હોય ત્યારે શરૂઆતમાં શ્રોતાઓને સ્થળ પર રાખેલા સલામતી સાધનો અને તેના ઉપયોગ વિષે પૂરતી માહિતી આપવામાં આવે છે, જેવી રીતે આપણે ફ્લાઈટમાં બેસીએ ત્યારે દર્શાવવામાં આવતું હોય છે. સેફ્ટી ક્ષેત્રે ભારતનું વિશ્વમાં સ્થાન અને ભવિષ્ય વિશે બોલતા તેમણે જણાવ્યું કે, “આપણે જોખમકારી પ્રોડક્ટના ઉત્પાદનોમાં વિશ્વમાં એક ફેક્ટરી બની ગયા છે. અહીંયાં સસ્તા લેબરને કારણે જોખમી પ્લાન્ટ પણ સ્થાપવાની મંજૂરી મળી જાય છે. ભોપાલ ગેસ દુર્ઘટના પછી સૌ સફાળા જાગી ગયા. ઔદ્યોગિક સલામતીની મહત્તા સમજવા લાગ્યા.

આઠવર્ષના ટૂંકાગાળામાં નિશીથભાઈએ 'Sure safety' ને માત્ર વડોદરા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતની નં-૧ સલામતીના સાધનો અને સર્વિસ આપતી સંસ્થા બનાવી દીધી છે. પોતાની આ સફળતાનું શ્રેય સંસ્થાના તમામ કર્મચારીઓને આપતાં તેમણે જણાવ્યું કે અહીંયાં બધા એક પરિવારની જેમ કામ કરે છે. આપણે આપણા જીવનનો ૬૦% સમય વર્ક પ્લેસમાં ગાળતા હોઈ સહકર્મચારીઓ પ્રત્યે કુટુંબની ભાવના રાખવાથી જ સંસ્થાનો વિકાસ થાય છે. વડોદરામાં ૨૦૦૫માં ભયંકર પૂર આવ્યું ત્યારે સંસ્થાના ૬ કર્મચારીઓનાં મકાન-ઘરવખરીને ભારે નુકશાન થયું હતું, ત્યારે સૌ કર્મચારીઓએ એકબીજાના સાથ-સહકારથી તેઓને સંપૂર્ણ મદદ કરી


નિશીથભાઈના પ્રેરણામૂર્તિ પિતા સ્વ.આનંદભાઈ અને માતા સ્વ.પ્રતિભાબેન

હતી.

પોતાની વ્યાવસાયિક સફળતાની સાથે સાથે નિશીથભાઈ સમાજને અને સામાજિક ઉત્તરદાયિત્વ ક્યારેય ભૂલ્યા નથી. તેઓ સમસ્ત મહાજન કચ્છી દશા ઓશવાળ સમાજના ટ્રસ્ટી છે અને કોમ્યુનિટી ડેવલપમેન્ટના તમામ કામોમાં તન-મન-ધનથી સહકાર આપે છે. આ ઉપરાંત પ્રતિભા ફાઉન્ડેશન દ્વારા આદિવાસી વિસ્તારની લગભગ ૫૦ આશ્રમ શાળાઓમાં કોમ્પ્યુટર આપ્યા છે. તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આદિવાસી વિસ્તારના લોકો પણ કોમ્પ્યુટર શીખે તો ઈન્ટરનેટના ઉપયોગથી દેશ વિદેશની માહિતી જાણી શકે છે. જે તેમના વિકાસમાં પણ મદદરૂપ થઈ શકે. નિશીથભાઈ વ્યસ્ત શિડ્યુઅલમાંથી પરિવાર અને પોતાના માટે પણ





*પત્ની અનુપ્રિતા સાથે સહેલગાહ માણતા નિશીથભાઈ*

પૂરતો સમય ફાળવી લે છે. ધર્મપત્ની અનુપ્રિતા કંપનીમાં ખભેખભા મિલાવી ને દરેક કામમાં સાથ આપે છે. સાથે સાથે કૌટુંબિક અને સામાજિક જવાબદારી પણ બખૂબી નિભાવે છે. નિશીથભાઈ પોતે wild life અને પ્રકૃતિના પ્રેમી છે. તેમણે આ વિષયમાં કરેલી ફોટોગ્રાફી બેનમૂન છે. પ્રવાસના અત્યંત શોખીન હોવાથી જ્યારે પણ રજા મળે કે વેકેશન હોય તો પત્ની અનુપ્રિતા, દીકરી મલ્લિકા ને મિત્રો સાથે નજીકના પ્રવાસ સ્થળ જેવા કે જાંબુઘોડા, પાવાગઢ, દેવગઢબારિયા, રાજપીપળાના જંગલો વિગેરેમાં પહોંચી જાય છે. ક્યારેક રવિવારે સવારે મહીસાગરમાં પોતાની ૪૫ H.P ની બોટ લઈને બોટીંગ કરવા ઊપડી જાય છે.

ગુજરાતનું સાસણગીર, હિમાચલ પ્રદેશ અને યુરોપનું સ્કોટલેન્ડ તેમના મનપસંદ પ્રવાસસ્થળ છે. પ્રવાસની સાથે સાથે તેઓને વિવિધ વાનગીઓ આરોગવાનો પણ ખૂબ જ શોખ છે. "કેક" તેમને અતિપ્રિય છે અને ફાઈવસ્ટાર હોટલથી માંડીને ધાબા-લારી પર પણ વેરાયટી ખાવાનું તેઓ ચૂકતા નથી. નિશીથભાઈની જીવનની ફિલસૂફી બહુ સ્પષ્ટ અને વિશિષ્ટ છે. ચોક્કસ ઉંમરે અને સ્ટેજ પર વ્યાવસાયિક નિવૃત્તિ અચૂક લઈ લેવી તેમ અત્યારથી જ નક્કી કરી દીધું છે. તેઓ માને છે કે સમાજસેવા અસરકારક રીતે કરવા માટે પાવરમાં કે સિસ્ટમમાં રહેવું અનિવાર્ય છે. "સમય નથી" એ વાત સાથે અસંમત થતાં તેઓ કહે છે કે મનગમતી પ્રવૃત્તિ માટે પ્રાયોરિટી સેટ કરીએ તો અવશ્ય પૂરતો સમય મળી રહે છે અને સૌથી અગત્યની બાબત કે તેઓ માને છે કે જીવન કેટલું જીવ્યા તેના કરતાં કેવી રીતે જીવ્યા અને કેટલું જાણ્યું તે વધારે અગત્યનું છે.

ખરેખર, નિશીથભાઈનું વ્યક્તિત્વ આજના યુવાનોને પ્રેરણા આપે તેવું છે. પોતાના સ્વપ્નોને સાકાર કરવા માટે જો યોગ્ય પ્લાનિંગ, ધગશ અને મહેનતથી કામ કરવામાં આવે તો અવશ્ય ફળીભૂત થાય છે એનું "નિશીથભાઈ" અને 'Sure safety' જીવંત ઉદાહરણ છે.